VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# 'માવજી મહેશ્વરીનો વાર્તાલોક' માં પ્રગટ થતી વાર્તાઓની તાસીર

## સંજયભાઈ એમ.પરમાર

પીએચ.ડી. સંશોધક,
જેઆરએફ, ગુજરાતી વિભાગ,
ભાષા સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ

વાર્તા સ્વરૂપ એવું છે જે લેખક અને ભાવક બંનેને ગમે છે. ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તા ખેડાણથી જોઈએ તો તેનો વિકાસ સમયાંતરે વિપુલ પ્રમાણમાં થયો છે. મોટેભાગે દરેક સર્જકે આ સાહિત્યસ્વરૂપ પર પોતાનો હાથ અજમાવ્યો છે. સાંપ્રત સમયમાં પણ આ સાહિત્યસ્વરૂપ નવીનતા સાથે એટલું લખાતું રહ્યું છે. ટૂંકીવાર્તામાં વાર્તાકાર જે તે પ્રદેશને કેન્દ્રમાં રાખીને લખતો આવ્યો છે. માવજી મહેશ્વરી ટૂંકીવાર્તાના લેખનમાં બળૂકું નામ છે. મૂળ કચ્છના વતની એવા આ લેખક પાસેથી વિપુલ પ્રમાણમાં વાર્તાઓ મળી આવી છે. વ્યવસાયે તેઓ શિક્ષક છે. તેમના જ શિષ્ય અજય સોની નવોદિત વાર્તાકાર, નવલકથાકાર છે. અજય સોનીનું પ્રથમ પુસ્તક 'રેતીનો માણસ' ૨૦૧૭ માં પ્રકાશિત થયું જેને સાહિત્ય અકાદમી, દિલ્હી દ્વારા વર્ષ ૨૦૧૯ માં 'યુવા ગૌરવ' પુરસ્કાર એનાયત થયો. અહીં અજય સોની દ્વારા માવજી મહેશ્વરીના ચાર મુખ્ય વાર્તાસંગ્રહો 'અદ્રશ્ય દિવાલો', 'પવન', 'ખોવાયેલું ગામ' અને 'ઝાંપો' માંથી પસંદ કરીને ૧૯ જેટલી વાર્તાઓ સંપાદિત કરી 'માવજી મહેશ્વરીનો વાર્તાલોક' પુસ્તક રૂપે મળે છે. 'રેતીનો માણસ' સિવાય અજય સોની પાસેથી લઘુનવલ 'કોરું આકાશ' પ્રાપ્ત થાય છે. વાર્તા લખવી અને ઢાળમાં લખવી એ જેવીતેવી વાત નથી. અહીં સંપાદકે સંપાદિત કરેલી ૧૯ વાર્તાઓ વિષયવસ્તુ અને ગુણવત્તાની દ્રષ્ટિએ એકબીજાથી અલગ તરી આવે છે. સંપાદકે સર્જકની તમામ વાર્તાઓનો ગહન રીતે અભ્યાસ કરીને એમાંથી વાર્તાઓ અહીં પસંદ કરી છે. જેમાં પ્રથમ વાર્તા અદ્રશ્ય દિવાલો એ દલિત વાર્તા છે. અહીં રામજી નામના છોકરાની સંવેદના છે. તે ખેતરે છે પરંતુ તેનું મન અને નજર તો ગામ તરફ છે કારણ તેની ભૂતકાળની નિશાળમાં આજે ભવ્ય ઉત્સવ છે અને તે જોવા રામજી અધીર છે તે તેની માને જલદી ઘાસ વાઢી ઘરે ચાલવા કહે છે ઘરે જઈને નાહીને નિશાળે સરઘસ જોવા ઉત્સાહથી જાય છે પરંતુ તેનો આ ઉત્સાહ આંસુમાં પરિણમે છે કારણ નિશાળમાં પ્રવેશતાં વેંત તેને બાવડું પકડી બહાર કાઢી મૂકવામાં આવે છે તેને કંઈ ખબર પડતી નથી.

ઘરે આવતાં તેની મા તેને કહે છે બેટા આપણાથી અંદર ન જવાય, અંદર ન જવાય. રામજીની સંવેદના અને પીડાને આ વાર્તામાં બતાવવામાં આવી છે. આ વાર્તાઓમાં મોટેભાગે કોઈપણ વાર્તા પ્રથમ પુરુષ એકવચન કથનરીતિથી નથી કહેવાયેલી તેમ છતાં વાર્તા વાંચીએ તો કોઈ એક પાત્રને કેન્દ્રમાં રાખીને આખી વાત કહી છે એવી પ્રતીતિ થાય. જેમ કે 'કડલા અને કાંબી' વાર્તામાં રાસ ગાવાનો અને રમવાનો શોખીન વાલજી આજે તેના વાસમાં રાસ રમાય છે છતાં તે અન્ય કોઈ દ્વિધામાં છે વાર્તા વાંચતા આપણને જણાય છે કે તેના વાસમાં એકાદ છોકરીને બાદ કરતાં તમામ છોકરીઓ પરણી ગઈ છે પણ હજુ તે તેની બહેન વાલુના લગ્ન નથી કરાવી શક્યો કારણ દરવર્ષે પાક નિષ્ફળ જાય છે અને તેની બહેન યુવાનીમાં પ્રવેશી છે એ પણ ચિંતા છે. આ વાત વાલજી તેની પત્ની નેણુને જણાવે છે તો નેણુ કહે છે ચિંતા ન કરીશ વાલુના લગ્ન થઈ જશે ખર્ચની વ્યવસ્થા પણ થઈ જશે. એક રાત્રે વાલજી તેની પત્નીને કહે છે આ તારા કંડલા-કાંબીને સંભાળને અવાજ કરે છે. તો નેણુ કહે છે ચિંતા ન કર કાલથી નંઈ કરે. વાર્તાને અંતે વાચકને પ્રતીતિ થાય છે કે વાલુના લગ્ન માટે નેણુ પોતાના કડલા-કાંબી વહેંચવાની છે. કથાવસ્તુની ગૂંથણી ખૂબ સરસ રીતે કરી છે આ વાર્તામાં. મોટાભાગની વાર્તાઓમાં ગ્રામ્ય પરિવેશ જોવા મળે છે. 'છૂટકારો' વાર્તામાં એકબાજુ સુખદ પ્રસંગ છે બીજીબાજુ દુ:ખદ.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

સુખદ એ કે ગંગાની સુવાવડ થાય છે અને તેને બાળક જન્મે છે. દુ:ખદ એ કે ગંગાની સુવાવડ રોમત નામની સ્ત્રી કરે છે જેણે ગામની મોટાભાગની સ્ત્રીઓની સુવાવડ કરેલ છે ઈશ્વરે તેને જ સંતાનવિહિન રાખી છે અને તેનો પતિ રોમતની કુંટુંબની અન્ય સ્ત્રી સાથે લગ્ન કરવાનો છે. આટલી વાતથી પણ લેખક અહીં વાર્તામાં ખૂબ સરસ કલાત્મકતા લાવી શક્યા છે. પોતાની ઉંમરના ઘણાખરા મૃત્યુ પામ્યા છે એ જાણીને મૃત્યુનો ભય પામતા ડોસા નરસી બાપાની વાત 'દૂર...ખૂબ....દૂર' વાર્તામાં જોવાં મળે છે.

વાર્તાની શરૂઆત દફનવિધિથી શરૂ થાય છે નરસીબાપાને ત્યાંથી મૃત્યુનો ભય શરૂ થાય છે અંતે સ્વપ્ન પર એ ભય પૂર્ણ થાય છે જાણે પોતે કબરમાં હોય એવી પ્રતીતિ એમને થાય છે. અહીં માણસની એકલતા અને વૃદ્ધાવસ્થા દરમિયાન મૃત્યુનો ભય અને લાચારી દર્શાવી છે. દરેક વાર્તા અન્ય વાર્તાથી જુદી પડે છે એજ લેખકની ખાસિયત છે. જો માણસને ઘેર ભગવાન આવે તો લોકોનું મન કેવી સ્વાર્થવૃતિ બતાવી શકે તેની વાત 'ભગવાન અને જીવણલાલ ' વાર્તા લઈને આવે છે. જીવણલાલને ભગવાન સપનામાં આવે છે અને કહે છે કાલે સવારે હું તમારા ઘેર આવીશ. આ વાત જીવણલાલ પત્નીને કહે છે. પત્નીને તે કહે છે કે કાલે આ સ્થળે મારે ભગવાનને તેડવા જવાના છે. ભગવાન આવવાના છે તેથી જીવણલાલ અને તેની પત્ની પોતાનો સ્વભાવ બદલાવી દે છે. જીવણલાલને ઘેર ભગવાન આવ્યા છે તેની જાણ આખા ગામને થાય છે સમગ્ર ગામ ઉમટી પડે છે. ભગવાનને પ્રશ્ન પૂછવામાં આવે છે કે જો તમે ભગવાન છો તો સબૂત આપો. ચમત્કાર કરી બતાવો. ભગવાન ફક્ત સ્મિત કરે છે. ભગવાન લોકોને કંઈ જવાબ નથી આપતાં તેથી જીવણલાલને ભગવાન આગંતુક લાગે છે બીજી સવારે ઊઠીને જીવણલાલ પત્નીને કહે છે ભગવાન ઊઠે તો એમને ચા આપજે હું મંદીરે જતો આવું. વાર્તા પાછળનો મર્મ સર્જકે કેવી સરસ રીતે કહી બતાવ્યો છે. ગામડામાં આધુનિકતા પ્રવેશી છે ફેક્ટરી સ્થાપવા માટે ખેડૂતોની જમીન મોટા દામ લઈ લેવામાં આવે છે આવી જ પીડાનો અનુભવ 'ખોવાયેલુ ગામ' ના જીવાબાપા કરે છે . લેખકે જીવાબાપાનું પાત્ર સરસ રીતે નિરૂપ્યું છે જીવાબાપા પોતાનો ભૂતકાળ વાગોળે છે પોતાની જમીન પ્રત્યેનો પ્રેમ અને વર્તમાનમાં એજ પ્રેમને નષ્ટ કરતાં એમના સંતાનો જમીન વહેંચી છે આ પારાવાર દુ:ખ જીવાબાપા થઈ સહન થતું નથી અંતે તેમનું મૃત્યુ થાય છે. આખી વાર્તા જીવાબાપા પર કેન્દ્રિત છે પોતાના સંતાનોનો સ્વાર્થ, એકલતા, પીડા જીવાબાપાને અંતે મૃત્યુ તરફ લઈ જાય છે. અત્રે વાર્તાઓમાં કચ્છ પ્રદેશની બોલી અને પાત્રોનો લહેકો કોઇપણ વાચકને જકડી રાખે તેવો છે. પાત્રો ગામડાના જીવન જીવી ગયેલા અનુભવી પાત્રો છે.

'જોગણ' , 'ભરોસો', 'કાકાની નિશાની' એ વાર્તાઓમાં સ્ત્રી પાત્રોની વાત છે. 'ભરોસો' વાર્તામાં લખમા ખરેખર ભગતની આબરૂ સાચવે છે એકસમયે લખમા ભાણજી પ્રત્યે આવેગથી આકર્ષાય છે પરંતુ તેને જ્યારે ખબર પડે છે કે ભગત વાયક માટે બીજે ગામ ગયા છે પરંતુ વાયક માટેની સામગ્રી તો ભૂલી ગયાં છે ત્યારે લખમા પત્ની ધર્મ નિભાવે છે અને ભાણજીને વિનંતી કરે છે કે વાયકની આ સામગ્રી ભગતને આપી આવો. અંતે ભગત કહે છે આજે મારી લાજ બચી ગઈ ને. આ વાક્ય સાથે વાર્તા પૂરી થાય છે. 'કાકાની નિશાની ' વાર્તા પ્રથમ પુરુષ એકવચન કથનરીતિથી કહેવાઈ છે. વાર્તા કહેનાર સોનલ જે વાર્તાનું મુખ્ય પાત્ર છે. વાર્તાની શરૂઆતમાં કાકાનું મૃત્યુ થયું છે સોનલ આપણને કાકાની નિશાનીઓ ગણાવે છે ઘરની પાછળ બગીચો કાકાને કેટલો પસંદ હતો કાકાની ઈચ્છા વગર કાકી ફૂલ પણ તોડી ન શકતાં એજ કાકી વાર્તાને અંતે કાકાનો બગીચો નષ્ટ કરી ત્યાં પોતાનો નવો બગીચો કરીશું એવું સોનલને જણાવે છે વાર્તાને અંતે જાણે લાગે છે કાકાની હકૂમત માંથી કાકી મુક્ત થયા છે કાકી માટી વાળા પગ સાથે ઘર અંદર જાય છે. અંતે કાકી સોનલને કહે છે તું પણ તારા કાકાની નિશાની છો ને. ખેડૂતને કોઈ એના ખેતર વહેંચવા માટે કહે ત્યારે ખેડૂતને માથા વાઢ જેટલી પીડા થાય. એટલી પીડા 'પલટાતો પવન' માં દાનસંગને થાય છે. ગામમાં ફેક્ટરી બનવાની છે મોટાભાગના ખેડૂતોએ તેમની જમીન ફેક્ટરી વાળાઓને વહેંચી દીધી છે. દાનસંગને ખેતરે જવાનો જે રસ્તો છે એ રસ્તા પર ફેક્ટરી ની ટ્રકો ઊભી છે એ જોઈ દાનસંગને ચીડ ચઢે છે. અહીં બીજું પાત્ર વસંત જે દલાલ છે તે દાનસંગને પોતાની જમીન વહેંચી દેવા કહે છે અંતે દાનસંગ તેની જમીન વહેંચી દે છે. વાર્તાઓના ઘણાં શીર્ષકો પ્રતીકાત્મક રીતે મૂક્યા છે જેમ કે 'બંધ ઘડિયાળ' વાર્તામાં ઉંમર થવાથી પત્ની પોતાના પતિને પ્રેમ નથી આપી શકતી. બંનેનાં દામ્પત્યજીવનમાં

http://vidyajournal.org

વધતી તિરાડો અહીં બંધ ઘડિયાળ દ્વારા સૂચવાઈ છે. બંને વચ્ચે અંતર વધતું જાય છે. બંધ ઘડિયાળ જેમ પતિ પત્નીનો પ્રેમ પણ ક્ષીણ થતો લાગશે. પત્ની ઘરની જવાબદારી અને બાળકો હોવાથી પતિ તરફનું કર્તવ્ય નથી નિભાવી શકતી.

તે સમજી ગઈ છે પરંતુ પતિ નથી સમજી શકતો. બંધ ઘડિયાળ અંતે શરૂ થાય છે પણ દામ્પત્યજીવન માં સુધારો થાય છે કે નહિં એ સર્જકે બતાવ્યું નથી. 'પંખીનુ ટોળું' વાર્તા પાત્રમાં આવતાં આંતરિક બદલાવને સૂચવે છે કુસુમ નામની છોકરી દેખાવે કદરૂપી છે પણ જ્યારથી તે નોકરી શરૂ કરે છે ત્યારથી તેનામાં જે બદલાવ આવે છે તે સર્જકે બખૂબી રીતે વર્ણવ્યું છે શરૂઆતમાં તે પૂજાપાઠ કરે છે મધ્યમાં તેનામાં એ ફેરફાર આવે છે વાર્તાના અંતે કુસુમ અન્ય સમાજના છોકરા સાથે લગ્ન કરી લે છે. આ વાંચી વાચકને નવાઇ લાગે પણ સર્જકની સર્જનાત્મકતા અહીં ખીલે છે. 'નાગ' પણ ઉત્કૃષ્ટ વાર્તા છે. રણમલ નામનો ખેડૂત છે જેના લગ્ન જસોદા નામની યુવતી સાથે થાય છે જે સ્વતંત્ર મિજાજી છે બંને પતિ પત્નીનું દામ્પત્યજીવન સરસ છે પણ બંને સંતાનવિહિન છે રણમલની મા સાપ કરડવાથી મૃત્યુ પામી છે. પરંતુ અહીં મુખ્ય બાબત જસોદા અને રણમલના લગ્નજીવન ની છે. રાસ રમતી તેની પત્નીને દૂરથી જોઈ રણમલ પીડા અનુભવે છે અહીં પણ દામ્પત્ય માં પડતી તિરાડ બતાવવાનો આશય છે. સાથે જાતિય આવેગની વાત મૂકી છે રણમલની અંતરની દ્વિધા પણ જોવા મળે છે. લેખકે ગ્રામ્ય જીવનને અને તેના લોકોને ખૂબ નજીકથી જોયાં અનુભવ્યાં છે તેથી જ સચોટ વર્ણન કરી બતાવ્યું છે. પાત્રોનું જીવનદર્શન, સંઘર્ષ, એકલતા બતાવવામાં સર્જક સફળ રહ્યા છે. 'ઝાંપો' વાર્તા વાચકને સમજવા માટે સરળ છે કૅન્સરના કારણે પતિનું મૃત્યુ થયું છે તે જાણી કેસરને પારાવાર પીડા છે ઘર, ખેતર કોણ સંભાળશે તે દુ:ખ છે તેની વહુ લખમી આશ્વાસન આપે છે. જ્યારે કેસરની જેઠાણી દિલાસો આપે છે તો કેસર તેની વહુને કહે છે કે ઝાંપો બંધ કરી દે વહુ કૂતરાં અંદર ઘૂસી જાય છે અહીં વ્યંગ રીતે કેસર તેની જેઠાણીના દિલાસાને ફગાવે છે કારણ હજું કેસરનો છોકરો જીવતો છે એ સંભાળી લેશે. સંબંધોમાં પ્રવેશી ગયેલી આધુનિકતા મોર્ડનિટીની વાત 'સગુ' વાર્તામાં જોવા મળે છે અહીં વૃદ્ધ પાત્ર ઝવેરબહેનની વેદના છે ઘરના સભ્યો પોતપોતાના કામમાં વ્યસ્ત હોઈ કોઈ તેમની દરકાર નથી કરતું આ જે દુ:ખ છે તેમને કોરી ખાય છે. ઝવેરબહેન ભૂતકાળ વાગોળે છે.

પતિ સાથેના સ્મરણો તાજા કરે છે. દીકરો કે દીકરાની વહુ તેમની કાળજી લેતાં નથી વાર્તાને અંતે ઝવેરબહેનને ઘરના ગલૂડિયાં સાથે લાગણી બંધાય છે અહીં જેમ ગલૂડિયું બંધન માંથી મુક્ત થાય છે તેમ ઝવેરબહેન પણ મુક્ત થાય છે એવી પ્રતીતિ અંતે વાચકને થાય છે. અહીં મૂકેલી ૧૯ વાર્તાઓ એકથી એક ચડિયાતી છે. 'વાસ' વાર્તામાં ખેડૂત નારણ અને શહેરમાં ભણેલી ગણેલી યુવતી જયાના દામ્પત્યજીવન બતાવવામાં આવ્યું છે જયાને તેનો પતિ ખેતરનું કામ કરે એ ગમતું નથી ખેડૂત છે એટલે એ કપડે મેલો ઘેલો હોય સ્વાભાવિક છે જયા તેને દરરોજ નહાવાનું કહે છે તેના શરીરમાંથી વાસ આવે છે તેવું જણાવે છે તેથી બંને વચ્ચેના સંબંધમાં તિરાડ પડે છે જયા પિયર જતી રહે છે વાર્તાની અંતે નારણને ખબર પડે છે કે જયાનું મૃત્યુ કેન્સર ને કારણે થયું છે. છેલ્લે તેની લાશ માંથી વાસ આવતી હતી તેથી તેને અંતિમ વાર કોઈ પાણી ન આપી શક્યું. અંતે નારણનું પણ મૃત્યુ થતું થાય છે. આ સંગ્રહની છેલ્લી વાર્તા કચ્છના રણને પ્રદર્શિત કરતી વાર્તા 'આંખોમાં રણ' છે. જેનું મુખ્ય પાત્ર કમલ બહાદુર છે. કમલની આજુબાજુ કથા ઘૂમે છે સરહદ પર પોતાની ફરજ બજાવતા તેને પતિ પત્ની ઘર પરિવાર ભૂતકાળ યાદ આવે છે. મુખ્યમંત્રીના કાર્યક્રમમાં કમલ બહાદુર ને ફરજ પર જવાનું છે કાર્યક્રમમાં રણના સફેદ રંગ સિવાય પણ અનેક રંગો ઉમેરાયાં છે. અહીં આપણને એના લેખક માવજી મહેશ્વરીની સર્જકતા, વાર્તા લખવાની ઢબ, તેમની અંગત શૈલી, ગ્રામ્ય પ્રદેશના દર્શન થાય છે. માવજી મહેશ્વરી મૂળ ખેડૂત જીવ છે એટલે એમની ઘણી વાર્તાઓમાં ખેતર અને પાક વિશે વર્ણનો જોઈ શકીએ છીએ. કચ્છના કૃષિજગત અને પશુપાલનને વાર્તાઓમાં લાવવાનું કામ પણ માવજી મહેશ્વરીએ કર્યું છે. સમગ્ર વાર્તાઓમાં પસાર થતાં જણાય છે કે તમામ વાર્તાઓ વાર્તાના સ્વરૂપમાં બેસે છે. પાત્રો અને પરિવેશ પકડી રાખે છે. ગામડાનો માણસ તેની વૃત્તિઓ તેના કૌટુંબિક સંબંધોનું નિરૂપણ સરસ રીતે કર્યું છે તો સાથે સાથે લેખકની વાર્તા લખવા પરની પકડ જોઈ શકાય છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

## સંદર્ભ:

1. સંપાદક – સોની અજય, 'માવજી મહેશ્વરીનો વાર્તાલોક' પ્રથમ આવૃત્તિ -૨૦૨૩, ડિવાઈન પબ્લિકેશન અમદાવાદ

http://vidyajournal.org